GJSK020041472024

**SPCS/1/2024**

-----------------------------------

## :: આંક– ૨૩ લગત હુકમ ::

-----------------------------------

(૧) હાલના વાદીએ હાલની અરજી રજુ કરી અરજીના પેરા– ૪ માં જણાવેલ પક્ષકારોને દાવાના કામે પ્રતિવાદી નં.– ૭ તથા ૮ તરીકે જોડવા માટે અરજી આપતા અત્રેની કોર્ટે સૂચીત પક્ષકારોને નોટીસ કાઢવામા આવતા સૂચીત પક્ષકાર પૈકી પ્રતિવાદી નં.– ૮ નાઓએ **વિ.વ.શ્રી બી.એમ.શુકલા** મારફત હાજર થયેલ છે. જયારે અન્ય સૂચીત પક્ષકાર તરફે કોઈ હાજર થયેલ નથી કે સદરહુ અરજી સબંધે લેખીત વાંધા રજુ કરેલ નથી.

(૨) વાદી તરફે **વિ.વ.શ્રી એમ.એસ. બલોસપુરાનાઓએ** અરજીને સમર્થનકારક રજુઆત કરી જણાવેલ છે કે, સદરહુ દાવાના કામે પ્રતિવાદીઓને નોટીસની બજવણી થતાં તેઓ તેમના વિ.વ.શ્રી મારફતે હાજર થઈ તા. ૧૩–૦૩–૨૦૨૪ ના રોજ લેખીત જવાબ રજુ કરેલ ત્યારબાદ સદરહુ કેસની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન તા. ૨૬–૦૬–૨૦૨૪ ના રોજ દાવાવાળી દુકાન નં.– ૧ સૂચીત પક્ષકારને વેચાણ કરેલ હોય જેથી દાવામાં માંગેલ દાદનું સ્વરૂપ ધ્યાને લેતાં સદરહુ સૂચીત પક્ષકારો સદરહુ દાવાની ઈન્સાફી કાર્યવાહીમાં જરૂરી પક્ષકાર બનતા હોય તેઓને પ્રતિવાદી નં.– ૭, ૮ તરીકે જોડવા માટે વિનંતી કરેલ છે.

(૩) પ્રતિપક્ષે વિ.વ.શ્રી બી.એમ.શુકલા ધ્વારા સદરહુ અરજીનો સખત વિરોધ કરી જણાવેલ છે કે, આંક– ૨૩ ની અરજીનુ સ્વરૂપ અને તેનો પ્રકાર ધ્યાને લેતાં સૂચીત પક્ષકાર એ સદરહુ દાવાના કામે નેસેસરી પાર્ટી ન હોય જેથી, હાલની અરજી ખર્ચ સહીત **ના–મંજુર** કરવા વિનંતી કરેલ છે.

(૪) ઉભયપક્ષોની દલીલો સાંભળી. વાદીનું પ્લીડીંગ્સ અને માંગેલ દાદ તથા હાલની અરજીની હકિકત ધ્યાને લીધી. આ તબકકે સી.પી.સી. ઓર્ડર ૧ રૂલ ૩ ની જોગવાઈ ધ્યાને લેતાં જેમા પ્રતિવાદી તરીકે કોણ સામેલ થઈ શકે તેની જોગવાઈ કરેલ છે. સદરહુ જોગવાઈનો હાર્દ ધ્યાને લેતાં જયારે એવી કોઈ વ્યકિત જેની સામે જુદો દાવો માંડવામાં આવે ત્યારે કોઈ કાયદાનો તથા હકિકતનો સમાન પ્રશ્ન ઉપસ્થિત થતો હોય અને એક જ કામ કે વ્યવહારના સંબધમાં અને તેમાથી ઉપસ્થિત થતી દાદ માંગવાનો કોઈ હકક એવી વ્યકિત સામે સંયુકત રીતે ઉપસ્થિત થતો હોય ત્યારે એ દાવામાં બધી વ્યકિતઓને પ્રતિવાદી તરીકે સામેલ કરી શકાય. પરંતુ કોઈ પક્ષકારએ જરૂરી પક્ષકાર છે કે કેમ ? તે હકિકત હાલની અરજીના નિર્ણયના તબકકે ધ્યાને લેવાની રહે છે. યોગ્ય પક્ષકાર હોવુ અને જરૂરી પક્ષકાર હોવુ બન્ને ભીન્ન પ્રકાર છે. આ તબકકે સી.પી.સી. ઓર્ડર ૧ રૂલ ૧૦ (૨) ની જોગવાઈ ધ્યાને લેતાં કાર્યવાહીના કોઈપણ તબકકે કોઈપણ પક્ષકારની અરજી ઉપરથી અથવા અરજી વિના ન્યાયીક અદાલતને દાવામાં સમાયેલા બધા પ્રશ્નોની સંર્પુણપણે ન્યાયીક નિર્ણય કરી પતાવટ થઈ શકે એટલા માટે જે પક્ષકારની હાજરી જરૂરી જણાય તેને પ્રતિવાદી તરીકે જોડી શકાય. આમ સદરહુ જોગવાઈનો હાર્દ ધ્યાને લેતા વાદીએ એ હકિકત પ્રથમદર્શનીય રીતે પ્રસ્થાપિત કરવાની રહે છે કે સુચિત પક્ષકાર સદરહુ દાવામાં સંડોવાયેલા પ્રશ્નોની પતાવટ માટે દાવાના કામે તેઓની હાજરી જરૂરી છે ત્યારે સદરહુ પક્ષકારને ન્યાયીક

અદાલત કાર્યવાહીના કોઈપણ તબકકે પ્રતિવાદી તરીકે જોડવાનો હુકમ કરી શકે છે.

**(૫)** વાદીનું પ્લીડીંગ્સ ધ્યાને લેતાં દાવાવાળી મીલકત સબબ વાદીએ દાવા અરજીના પેરા– ૮ માં જણાવ્યા મુજબ દાદ માંગેલ છે. સદરહુ દાદના કામે પ્રતિવાદીને નોટીસની બજવણી થતાં આંક– ૧૦ થી તા. ૧૩–૦૨–૨૦૨૪ ના રોજ લેખીત જવાબ રજુ કરેલ છે. જયારે હાલની અરજી સાથે રજુ નીશાની– ૨૨/૧ નો વેચાણ દસ્તાવેજ ધ્યાને લેતાં સદરહુ દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન સૂચીત પક્ષકારની તરફેણમાં હાલના પ્રતિવાદીઓએ પ્લોટ નં. ૪ પૈકી બનાવેલ દુકાનો પૈકી ગ્રાઉન્ડ ફલોર દુકાન નં.– ૧ નો વેચાણ દસ્તાવેજ તા. ૨૬–૦૬–૨૦૨૪ ના રોજ કરી આપેલ હોવાનું ફલીત થાય છે. આમ, સી.પી.સી. ઓર્ડર– ૧ રૂલ– ૧૦(૨) ની જોગવાઈના પ્રકાશમાં તથા વાદીઓનું પ્લીડીંગ્સ અને માંગેલ દાદનું સ્વરૂપ તેનો પ્રકાર ધ્યાને લેતાં સૂચીત પક્ષકાર હાલના દાવાના કામે જરૂરી પક્ષકાર હોવાનું પ્રથમ દર્શનીય રીતે ફલીત થાય છે અને સદરહુ દાવાની ઈન્સાફી કાર્યવાહી દરમ્યાન પ્રતિવાદીઓએ સદરહુ દાવાના કામે લેખીત જવાબ રજુ કર્યા પછી નીશાની – ૨૨/૧ થી રજુ વેચાણ દસ્તાવેજ સૂચીત પક્ષકારની તરફેણમાં કરી આપેલ હોય તેથી પક્ષકારો આ દાવાના કામે જરૂરી પક્ષકાર હોય તેથી હાલની અરજી ''**મંજુર**'' કરવા ન્યાયોચીત જણાતુ હોય જેથી, નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

–:: **<u>હુકમ</u>** ::–

૧... વાદી તરફે હાલની આંક–૨૩ ની અરજી આથી મંજુર કરવામાં આવે છે.

૨... સીવીલ પ્રોસીઝર કોડ આદેશ – ૧ નીયમ–૧૦(૨) મુજબ સૂચીત પક્ષકારોને પ્રતિવાદી નં.– ૭, ૮ તરીકે દાવાના કામે સામેલ કરવાનો આથી હુકમ કરવામાં આવે છે.

૩... સીવીલ પ્રોસીઝર કોડ આદેશ – ૧ નીયમ–૧૦(૪) મુજબ વાદીએ હુકમ મુજબ સુધારો કરવાની આથી પરવાનગી આપવામાં આવે છે અને સુધારેલી દાવા અરજી તથા મનાઈ અરજી ઠરાવેલ સમય મર્યાદામ રજુ કરવી.

૪... સુધારેલી દાવા અરજી તથા મનાઈ અરજી રજુ કર્યેથી પ્રતિવાદી નં.– ૭, ૮ નાઓએ સુધારેલી અરજી સાથે સમન્સ કાઢવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ તા. ૦૬ ઠ્ઠી, માહે: મે, સને : ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

**તા. ૦૬/૦૫/૨૦૨૬.**
**હિંમતનગર**

**(શ્રી એમ.આઈ.એન.શેખ)**
**પ્રિન્સીપાલ સિનિયર સિવિલ જજ,**
**હિંમતનગર.(જજ કોડ જીજે ૦૧૩૨૭)**

NEHAL